# દર વર્ષે ૩૧ માર્ચ પહેલાં દરેક કરદાતાએ ધ્યાનમાં રાખવાની મહત્ત્વપૂર્ણ બાબતો



**ટૅક્સ રામાયણ**
પરેશ કપાસી

માર્ચ મહિનો ફક્ત બિઝનેસમેન માટે નહીં, વ્યક્તિગત કરદાતાઓ માટે પણ અગત્યનો હોય છે. કરવેરાને લગતા નિયમોનું યોગ્ય અનુપાલન થાય તો આખું વર્ષ નિરાંત રહે. આથી ૩૧ માર્ચ માટે પહેલેથી આયોજન કરી રાખેલું સારું. ચાલો, આપણે ગત વર્ષના માર્ચ બાદ આવેલા કેટલાક મહત્ત્વપૂર્ણ ફેરફારોની વાત કરીએ...

## સરચાર્જ સહિત ઍડ્વાન્સ ટૅક્સની ચુકવણી

કરદાતાઓએ ઍડ્વાન્સ ટૅક્સ વર્ષમાં ચાર વખત નિશ્ચિત ટકાવારી પ્રમાણે ભરવાનો હોય છે. છેલ્લો હપ્તો ૧૫ માર્ચ પહેલાં ચૂકવાઈ જાય એ ધ્યાનમાં રાખવું. આ વખતે ખાસ ધ્યાનમાં રાખવાનું છે કે વ્યક્તિગત/એચયુએફ કરદાતાઓ માટે સરચાર્જનો દર વધી ગયો છે. ૫૦ લાખથી એક કરોડ રૂપિયા સુધીની આવક માટે એ દર ૧૦ ટકા, એક કરોડથી બે કરોડ સુધીની આવક માટે ૧૫ ટકા, ૨ કરોડથી ૫ કરોડની આવક માટે ૨૫ ટકા અને ૫ કરોડ રૂપિયા કરતાં વધુ આવક માટે ૩૭.૫૦ ટકાના દરે સરચાર્જ ચૂકવવો જરૂરી છે. હવે ડિવિડંડની રકમ કરદાતાના હાથમાં આવે ત્યારે કરપાત્ર બનાવવામાં આવી હોવાથી દરેક કરદાતાએ એને આવકમાં ઉમેરીને કરવેરાની ગણતરી કરવી પડે છે. જો કરદાતાઓ આવકનો અંદાજ ચૂકી ગયા હોય તો તેમણે ૩૧ માર્ચ પહેલાં બાકીનો કરવેરો ચૂકવી દેવો, જેથી તેમને કલમ ૨૩૪બી હેઠળ કરવેરાની બાકી નીકળતી રકમ પર વ્યાજ લાગુ પડે નહીં.

## ફિક્સ્ડ ઍસેટની ખરીદીનો અથવા ખરીદી પાછળ ઠેલવાનો નિર્ણય

અત્યાર સુધીનો અનુભવ છે કે ઘણા કરદાતાઓ ડેપ્રિશિયેશનનો લાભ લેવા માટે માર્ચ મહિનામાં કાર, લૅપટૉપ, કમ્પ્યુટર વગેરેની ખરીદી કરતા હોય છે. જોકે કેટલાક લોકો એ બાબત તરફ ધ્યાન આપતા નથી કે તેમનાં નાણાકીય સ્ટેટમેન્ટ અનુસાર તેમણે વધારે ખર્ચ કરવાની કે ડેપ્રિશિયેશન ક્લેમ કરવાની જરૂર નથી હોતી. આવું નાણાકીય વર્ષ ૨૦૨૧-'૨૨ માટે થવાની શક્યતા વધારે છે, કારણ કે વર્ષનો ઘણોખરો સમય બિઝનેસ પૂરેપૂરી ક્ષમતાએ કરી શકાયો ન હતો. ૩૧ માર્ચ પહેલાં ઍસેટની ખરીદી કરવી લાભદાયી હોય એવું દર વર્ષે હોતું નથી. નવાં સ્થપાયેલાં યુનિટ સંબંધે જણાવવાનું કે કરદાતા કમર્શિયલ ઉત્પાદન શરૂ કરે એ તારીખ નક્કી કરી શકે છે. ડેપ્રિશિયેશનનું ડિડક્શન ઍસેટનો ઉપયોગ શરૂ થયા બાદ ફરજિયાત છે (હા, મરજિયાત નહીં, ફરજિયાત છે).

## ઍન્યુઅલ ઇન્ફર્મેશન સ્ટેટમેન્ટ-ફૉર્મ ૨૬એએસ તપાસી લેવું

આવકવેરા ખાતું હવે અલગ-અલગ સ્રોતમાંથી પોતાને મળતી માહિતી દરેક કરદાતાને દર્શાવે છે. કરદાતાએ ઍન્યુઅલ ઇન્ફર્મેશન સ્ટેટમેન્ટ તપાસીને ડાઉનલોડ કરી લેવું જોઈએ. એમાં કોઈ ત્રુટી રહી જતી હોય તો ખાતાને એની જાણ કરવી જોઈએ. જો આ સ્ટેટમેન્ટમાં ટીડીએસ દેખાતો ન હોય તો ટીડીએસ કાપનારનો સંપર્ક સાધીને ખાતરી કરી લેવી જોઈએ.

## લોન અકાઉન્ટની સાફસૂફી

આવકવેરા ખાતાની કાનૂની કાર્યવાહીમાં એક મોટો મુદ્દો હિસાબના ચોપડાઓમાં બિનજરૂરી ડેબિટ અને ક્રેડિટ બૅલેન્સને લગતો હોય છે. દર વર્ષે ૩૧ માર્ચની પહેલાં લોન, ક્રેડિટર, ડેટર વગેરેની બૅલેન્સ ઓછામાં ઓછી રહે એ વાતનું ધ્યાન રાખવું. જો કોઈ રકમ લેવાની કે ચૂકવવાની ન હોય તો એને સ્ક્વેર ઑફ કરી દેવી જોઈએ. ઘણી વાર એવું બને છે કે પર્ચેઝ રિટર્ન, સેલ્સ રિટર્ન, કૅશ પેમેન્ટની એન્ટ્રીઓ કરેલી હોય છે, પરંતુ બિલની નોંધ કરવામાં આવી હોતી નથી. પછીથી ચોપડાઓની ચકાસણી થાય ત્યારે એ બધી બાબતો ધ્યાનમાં આવતી હોય છે.

## ખોટ-નુકસાન બુક કરીને કરપાત્ર આવક ઘટાડવી

અહીં આપણે પોતાના શૅરના વેચાણ દ્વારા લૉન્ગ ટર્મ કૅપિટલ ગેઇન પ્રાપ્ત કર્યો હોય એવા એક કરદાતાનું ઉદાહરણ જોઈએ. તેમની આ આવક કલમ ૧૧૨એ હેઠળ કરપાત્ર બને છે. ઘણી વખત કરદાતા ફક્ત નફો થતો હોય એવા જ શૅરનું વેચાણ કરે છે અને જેમાં ખોટ જતી હોય એનું વેચાણ કરતા નથી. જો કરદાતા અમુક ખોટ કરતા શૅરનું પણ વેચાણ કરે તો કરપાત્ર નફાની રકમ ઘટીને એના પરનો લૉન્ગ ટર્મ કૅપિટલ ગેઇન ટૅક્સ પણ ઓછો આવે છે. ખોટમાં કાઢેલા શૅર જો લાંબા ગાળા સુધી રાખી મૂકવા જેવા હોય તો બીજા જ દિવસે પાછા ખરીદી પણ શકાય છે. લૉન્ગ ટર્મ કૅપિટલ ગેઇનની રકમ એક લાખ રૂપિયા કરતાં વધી જાય નહીં એ રીતે વ્યવહારો કરવા, કારણ કે એક લાખ રૂપિયા સુધીનો કૅપિટલ ગેઇન કરમુક્ત હોય છે. બિઝનેસના નફા સંબંધે પણ આવું કરી શકાય. એ સંજોગોમાં આઉટડેટેડ ઇન્વેન્ટરી, કરજદારો પાસેથી પાછી મળી ન શકે એવી રકમ એટલે કે બૅડ ડેટની આવશ્યક ઇફેક્ટ આપી દેવી જોઈએ.

## માર્ચ પહેલાંની બીજી કેટલીક પ્રવૃત્તિઓ

કરદાતાએ ફિઝિકલ ઇન્વેન્ટરી પોઝિશન, વર્ષ દરમિયાન થયેલા ખર્ચ સંબંધે ટીડીએસની જોગવાઈનું પાલન થવા વિશેની ચકાસણી, ખોટના કૅરી ફૉર્વર્ડનો લાભ લેવો વગેરે જેવી કેટલીક પ્રવૃત્તિઓ પણ કરી લેવી જોઈએ.

ઉપરોક્ત મહત્ત્વપૂર્ણ મુદ્દાઓને ધ્યાનમાં રાખીને ઘણી બધી સમસ્યાઓથી બચી શકાય છે.

લેખક પ્રૅક્ટિસિંગ ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ છે.
paresh.kapasi@mid-day.com પર વાચકો તેમનો સંપર્ક સાધી શકશે.